# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ગુનાઇતો જાણે છે, કોર્ટ-કાયદા-ન્યાય ઢીલા છે,
એટલે જ નિર્ભય-નિશ્ચિંત વર્તવાના ચીલા છે,
કિલ્લા છે સુરક્ષાના, એમનો ખીલો છે મજબૂત -
'ભડકાઉ ભાષણ' પણ એમની પ્રચાર લીલા છે..

## હાઈકુ

ગુજરાત નો,
ભઇલો, દઇ જશે -
વીર-પસલી..

વાતાવરણ -
પ્રગતિ - વિકાસનું
હવાઇ ગયું...

## ચિંતન

**યદ ભાવિ ન તદ્ ભાવિ  ભાવિ ચેન્ન તદન્યથા । ઇતિ ચિન્ના વિષઘ્નો અયખગદઃ કિં ન પીયતે ॥**

'જે થવાનું નથી તે નથી જ થવાનું અને જે થવાનું છે તે થઇને રહેવાનું છે અર્થાત થવાનું જ છે એમાં કંઇ જ ફેરફાર થવાનો નથી.' આમ વિચારી માણસે સદાય ચિંતામુક્ત જ રહેવું જોઇએ - ચિંતારૂપી ઝેરની અસરથી મુક્ત થવા માણસે આ વિચારને ઔષધરૂપ સતત યાદ રાખવો જોઇએ.'

વિધિ-વિધાતા, કર્મદેવ-કે પૂર્વજન્મના આપણા કર્મો (સારાં કે માઠાં) આ જન્મના કાર્યો-પરિણામો-સફળતા-નિષ્ફળતા, સુખ-દુખ માટે આધારરૂપ છે. પાયામાં છે પૂર્વજન્મોના સત્કાર્યો સુખ-શાંતિ આપે છે, દુષ્કૃત્યો-ખરાબ બુદ્ધિ અને એના પરિણામે ભોગવવાનાં આવતાં પાપ-અશાંતિ-દુખમય-કષ્ટમય-રોગી જીવન ભોગવવું પડે છે.

એટલે જે થવાનું છે તે થઇને જ રહેવાનું છે અને જે નથી જ થવાનું એની કોઇ થવાની શક્યતા જ નથી. એટલે વિધિ-વિધાતાના અંકૂશ પ્રમાણે જ થવાનું છે એમ વિચારીને કોઇ પણ સારા-માઠા પરિણામો ભોગવતાં સુખી કે દુખી ન થવું - બધું વિધિના હાથમાં જ છે.

## સુવિચાર

- સૌ સંબંધોનો તું સરવાળો ન કર, આ તો બટકણી ડાળ છે, તું માળો ન કર **- ઉર્વીશ વસાવડા**
- 'રોજ જાગીએ ત્યારે નવી રીતે જાગીએ' અર્થાત રોજ નવી રીતે જીવવાથી વર્તમાનમાં જીવાય છે આટલું આવડી જાય તો તેમાંથી ખૂબ બળ મળે છે, ઉત્સાહ ઉમેરાય છે અને શુદ્ધ, નિર્મળ જીવન મળે છે **- કાંતિ ભટ્ટ**
- મંદિર, મસ્જિદ ભટકતે, કિસે મિલા ભગવાન? સેવા, કરૂણા, પ્યાર સે સ્વયં બને ભગવાન **- પ્રાચિન દોહો**
- કેવળ ક્રોધ ને રોકવાથી શાંતિ મળી જતી નથી... અંદર તો બધું ધરબાયેલું રહે છે... જે પરૂની માફક ગમે ત્યારે ફૂટી શકે છે.. **- સંત ફ્રાન્સીસ**
- પરિશ્રમ અને સમ્યક આહાર એ બંને આ લોકના અશ્વીનીકુમારો છે, એમનો અનાદર કરી બીજા વૈદ્યનો સહારો નહીં લઉં **- બાપાલાલ વૈદ્ય**
- ઉબકા આવે એવી દવાઓના કડવા ઘુંટડા માટે દાકતરોને પૈસા આપવા એના કરતા ખેતરોમાં રખડી તંદુરસ્તી મેળવવી વધુ ઇચ્છનીય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સાધના કયાં સુધી કરવી? આપોઆપ થવા માંડે ત્યાં સુધી **- કાકા કાલેલકર**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

મારા ગુરૂજી કયારેક સામાન્ય સ્થિતિના ભક્તને ઘેર જમવાની 'હા' પાડી દેતા તો કયારેક કોઇ ધનિકનો અતિ આગ્રહ પણ સ્વીકાર ન કરતા મેં એકવાર આનું કારણ પુછ્યું. જવાબમાં ગુરૂજી કહે લક્ષ્મીનો અન્ન પર પ્રભાવ પડે છે જો અલક્ષ્મી બે નંબરી (કૌભાંડની) નું ખાઇએ તો તરત એની અસર થાય બિમાર પડાય - ઝાડા ઉલ્ટી થાય કે વિચાર બગડે..

સારા ઘરનું ભોજન સાત્ત્વિક હોય છે.

દૃષ્ટાંત આપતાં કહ્યું -

એક ભિક્ષુક, એક પટેલ ત્યાં ભિક્ષા માગવા આવ્યો . પુછ્યું પટેલ કયાં છે? પટલાણી કહે- એનું શું કામ છે હું છું ને - તને ભિક્ષા આપું છું.

ભિક્ષુકની ભાષા જુદી હતી. એ કહે મારા દીકરા સાથે તમારી દીકરીના વિવાહની વાત કરવી હતી.

પટલાણીએ ગુસ્સે થઇ કાઢી મૂક્યો. સાંજે પટેલ આવ્યા. વાત કરી. પટેલે પુછ્યું. એ કયાં ઊભો હતો?

પટલાણીએ આંગણામાં વચ્ચે બનાવેલ સિમેન્ટની ચોકડી બતાવી - પટેલે રાતોરાત - ધનનો દેગડો કાઢી ઓરડામાં દાટી દીધો...

બીજે દિવસે એ જ ભિક્ષુક આવ્યો અને ત્યાં જ ઊભો રહી, 'વધ્યું-ઘટ્યું કંઇ ખાવાનું માગ્યું..'

પટેલે શાંતિથી આપી દીધું..

પટેલે પત્નીને ધનની અસરનો તફાવત સમજાવ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# હોસ્પિટલની ઓફિસે સેક્રેટરી તરીકે માનદ સેવાઓ આપતી કાકાની એકની એક દીકરી સુલોચનાના ગાલ મલકાયા, જરા તીરછી નજરે એણે પોતાના સંભવિત 'બોસ' ભણી ચોરી છુપીથી જોઇ લીધું

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

છેલ્લા ૧૭ વર્ષોથી સતત કાર્યરત એવી, ગાંધીનગર સાહિત્ય સભાની માસિક સભા, બીજા રવિવારે તા. ૧૪-૯-૨૦૧૪ના રોજ સાંજના ૫.૩૦ વાગે નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે પ્રમુખ ભરતભાઈ કવિ 'ઊર્મિલ'ના અધ્યક્ષ સ્થાને મળશે. આ સભામાં મહેન્દ્રભાઈ યુ. પુરોહિત, (પૂર્વ સચિવ, સિંચાઈ વિભાગ, સ્થાપક ટ્રસ્ટી- સિનિયર સિટીઝન અને જાગૃત નાગરિક પરિષદ) તેમના તાજેતરમાં લોકાર્પણ કરાયેલ બે પુસ્તકો (૧) નિરાંતના પડઘા - નિબંધ સંગ્રહ અને (૨) સંવેદનાનો સાદ - કાવ્યસંગ્રહનું રસપાન કરાવશે તથા પી.સી. પટેલ (પરેશ પટેલ) જેઓ હિન્દી-ગુજરતતી નાયબ ઈજનેર છે, તેઓ તેમની લખાયેલ ગઝલોનું પઠન કરશે.

(૧) ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય, ગુ.સ.ના સિંચાઈ વિભાગના પૂર્વ સચિવ અને સિનિયર સિટીઝન કાઉન્સિલ તથા જાગૃત નાગરિક પરિષદના સ્થાપક ટ્રસ્ટી મહેન્દ્રભાઈ યુ. પુરોહિતનાં બે પુસ્તકો (૧) નિરાંતના પડઘા અને (૨) સંવેદનાનો સાદનો લોકાર્પણવિધિ તા. ૩૦-૮-૨૦૧૪ના રોજ સિનીયર સિટીઝન્સ કાઉન્સિલ, ગાંધીનગરની માસિક સભામાં સિ.સિ.કા.ના પ્રમુખ અને ગાં. સાહિત્ય સભાના પૂર્વપ્રમુખ ભાનુભાઈ પુરાણી તથા ગાં. સા. સભાના પ્રમુખ ભરતભાઈ કવિ 'ઊર્મિલ'ના હસ્તે યોજાઈ ગયો, તેઓશ્રીને દધિ છલકતા હેતાળવા અભિનંદનસહ શુભેચ્છાઓ. (૨) ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વમંત્રી અને ગઝલકાર કિશોર જીકાદરાની બે ગઝલો તથા (૩) ગાંધીનગર બાળ સાહિત્યકાર ફિલિપ કલાર્કનાં ૧૬ કાવ્યો/ગઝલો તત્થા (૪) ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વ પ્રમુખ હરિકૃષ્ણભાઈ પાઠકનો 'પ્રભુનો પુત્ર એ પ્યારો' શિર્ષકનો - નટવરલાલ પ્ર. બુચની હાસ્યકવિતા વિષયક અભ્યાસ લેખ ગુજરાત સાહિત્ય અકાદમીના મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' પ્રકાશિત થયેલ છે. જે બદલ ત્રણેયને દધિ છલકતા હેતાળવા અભિનંદનસહ શુભેચ્છાઓ.

**● લઘુકથા સેતુ : બોલ**

ટીનુરીનું હૈયાફાટ રૂદન જોતાં જોતાં પશીમા બોલ્યાં 'એવું કહેવાય નહીં પણ કેન્સરમાંથી તો છૂટી બચારી એ હારું થયું. આ તો ટીનારી મા વનાની થઈ એટલું કાઠું!'

- કાન ઉપર ઠંડુ પાણી અડ્યું હોય એમ ચમકી.

મને મમ્મીનો બોલતો ચહેરો દેખાયો, કહેતી'તી તને એ નહીં સમજાય. શું ધૂળ ના સમજાય!

ના રૂપ જોયું, ના પૈસા કે ભણતર પણ નહીં, મને તો પલ્લે જ ન પડતું નહોતું કે મમ્મી અશ્વિન ભૈ માટે કેવી વહુ શોધે છે? શું કરવા માંગે છે! ઘણા દિવસે ફોડ પડેલો. એકવાર બોલી પાંચ પૈસા રળ્યા એટલે મારા અશ્વિનને કન્યા આપનાર તો ઘણા મળે પણ... બને તો મા વગરની કોઈ છોકરી લેવી... ભલે ભર્યા ઘરમાં આવી સુખી થતી. ખરી છે તું તો મમ્મી! એ વાતનેય વરસો વીતી ગયા તોય મમ્મી ના બોલ થડ ઉપર કોતરેલા અક્ષરો જેવા ઊપસેલા જ રહ્યા. પછી સમજાયું'તું કે મમ્મી પણ ટીનુરીની જેમ મા વગર જ. થોડીવાર પછી કોઈએ રોતી ટીનુરીને ત્યાંથી ખસેડવા પ્રયાસ કર્યો ત્યારે મારી નજર એના પર ગઈ તો જાણે હું મમ્મીને જોતી હોવું એમ લાગ્યું!

- અલી ટીનારી તો વળગેલી એ એની માને છોડતી ન્હોતી.

- એના પપ્પા થાક્યા તોય મેલતી જ ન્હોતી, લોકોના બોલ અને ટીનુરીનો ચહેરો મોડી રાત સુધી ખસ્યો જ નહીં!

**- પ્રેમજીભાઇ પટેલ ('અવેર'માંથી સાભાર)**

**'મૂળ નામ'**

'શું નામ કહ્યું?' આરોગ્ય મંડળના પ્રમુખ અને માજી સંસદસભ્ય શંકરકાકાએ મારી સામે કાન ધરતાં પુછ્યું : 'જરા ફરી કહેશો?'

'ડૉ. રાજર્ષિ અમીન, સર!' મેં જરા ગભરાયેલા અવાજે જવાબ વાળ્યો.

'નામ પણ સુંદર છે, અને અટક પણ.'

એમનો રાજીપો એ છુપાવી ન શક્યા. મંડળના મંત્રી અને ઈન્ટરવ્યુ કમિટીના અન્ય સભ્યોને ઉદ્દેશીને એ બોલ્યા :

'ડિગ્રી તો એમની પાસે છે જ વળી દેખાવમાં પણ રૂપાળા છે. દરદીઓનું અડધું દુઃખ તો એમને જોઈને જ શમી જશે!'

હોસ્પિટલની ઓફિસે સેક્રેટરી તરીકે માનદ સેવાઓ આપતી કાકાની એકની એક દીકરી સુલોચનાના ગાલ મલકાયા. જરા તીરછી નજરે એણે પોતાના સંભવિત 'બોસ' ભણી ચોરી છુપીથી જોઈ લીધું. મને કોણ જાણે કેમ, એકાએક પસીનો છુટી ગયો. મેં મારી જાત સાચવી લેતા ઘણી કોશિશ કરી. છતાં મારો ચહેરો ચાડી ખાઈને જ જંપ્યો, એ માંડ હસવું ખાળી શકી.

'બોલો કયારથી જોઈને થાવ છો' વીસથીય વધુ ઉમેદવારો વચ્ચે શંકરકાકાએ એમની પસંદગીની મહોર મારી જ દીધી.

'અમારે તો તમે જેટલા વહેલા ચાર્જ સંભાળી લો, એટલું સારું! દેસાઇ સાહેબ ગયા ત્યારના, જુઓ ને, હોસ્પિટલમાં કાગડા ઉડે છે. બિચારાં ગરીબ દર્દીઓને નાછૂટકે પ્રાઈવેટ દવાખાનામાં ચિરાવું પડે છે. મંડળના મંત્રીએ કાકાની વાતમાં સૂર પુરાવ્યો.'

'સાચી વાત છે.' એણે એટલું કહીને તો કેટલું બધું કહી દીધું હતું! અને વળતી જ પળ કેવી સ્વપ્રિલ મુદ્રામાં સરી પડી હતી! અમીન તો પટેલોનાય પટેલ ગણાય ને!

હું વધુ મૂંઝાયો, આખરે એક દિવસ તો -

'બોલો, આવતા મહિનાની પહેલી તારીખથી હાજર થઈ જાવ છો ને?'

કાકાના પ્રશ્નાર્થમાં ખરેખર તો આજ્ઞાર્થનો બોધ સમાયેલો હતો.

મારાથી જ જીરવાયું, અને અત્યાર લગી જે નહોતું કહ્યું એ કહેવાઈ ગયું : 'મારું મૂળ નામ તો રામા જીવા ભાંભી છે, સાહેબ!' ને એકાએક બધાંયના ચહેરા કાળામેંશ થઈ ગયા.

પેલી સુલોચના તો સાવ આડું જ જોઈ ગઈ! કદાચ મનોમન બબડી પણ હોય : 'વેળાસર ભસતાં કાંટા વાગ્યા હતા?'

**- ડૉ. કેશુભાઇ દેસાઇ ('સમાજમિત્ર' માંથી સાભાર)**

**કાવ્ય સેતુ : 'શિવ આરાધના'**

પવિત્ર શ્રાવણના સુમંગલ પ્રભાતે,
દિપથી જપી જપ ૐ નમઃ શિવાય,
કરો શિવ આરાધના આજે
દૂધ જવ તલને જળ ચઢાવી પ્રેમથી,
બિલિપત્ર કમળ પુષ્પને કેળાં અર્પી સ્નેહથી,
કરો શિવ આરાધના આજ
હળાહળ કળિયુગે છે તારણહાર મહાદેવ,
જઈ શિવ મંદિરે જવી મહામૃત્યુજંય મંત્ર,
કરો શિવ આરાધના આજે
કૈલાસવાસી કલ્યાણકારી છે કરૂણાના સાગર,
ભજી ભાવથી ભસ્મધારી ભોળાનાથ ભોળાને,
કરો શિવ આરાધના આજે,
ઉમાપતિ નાગનાથ ભોળાશંકર છે આપણા,
ઈશ્વરના પરમેશ્વર ૐકારેશ્વરના શરણે,
કરો શિવ આરાધના આજે

**- ઇશ્વરલાલ ડી. જોષી**

**ભલે ન ઢૂકે પાસમાં! (અછાંદસ)**

તને અહર્નિસ નિરખ્યા કરૂં
અને સદૈવ મનભર માણ્યા કરૂં!
ઉગતી ઉષા અને સરતી સંધ્યાના
ઝિલાતા મેઘધનુષ્યના રંગોમાં!
વસંતની વાગતી વેણુના નાદમાં!
ફાગણના ફાગના સૂરીયા રાગમાં!
ભીની ભીની ઝાકળની કોમળ શીતળતામાં!
નિત નિત નવા શૃંગાર સજતી
નવોઢાના શણગારમાં!
પ્રિતઘેલા આતુર નયનોમાં!
મિલનની મધુઆશા અને
ઊગતી અભિલાષામાં!
અનંત અમીધારે છલકતી
નયન કટોરીમાં!
નેણના વક્ર શરસંધાનમાં!
શરાબીના લાલઘૂમ ચકચૂર નયનોમાં!
મદભરી મદિલી આંખના ઉલાળામાં!
પનઘટની નટખટ પનિહારીની
છલકતી હેલમાં!
ઉમંગના બજતા મૃદંગના નાદમાં!
ઉદધિના ઘેરા ઘૂઘવતા ઘૂઘવાટમાં!
પિયુમિલનના પથરાયેલ પ્રેમલપૂંજમાં!
હરપળ, હર ગલી ગલી ને હર કૂંજે કૂંજમાં!
બસ માણ્યા કરૂં તને કવિતા, ભલે ને ઢૂકે પાસમાં!
કે ન સ્ફૂરે દિમાગમાં!

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

# કર્મનો સિદ્ધાંત જણાવે છે કે દરેક કર્મની વિવિધલક્ષી પ્રતિક્રિયાઓ અથવા એમ કહો કે ફળ હોય છે અને દરેક પ્રતિક્રિયા તે પછીના કર્મનું કારણ બની જાય છે

## કષ્ટ, મરણ અને મૃત્યુ બાબત હિન્દુ અભિગમ

**લેખક - દામોદરલાલ શર્મા**

**અનુવાદ - સુરેશ દા. શર્મા દ્વારા**

**(ગતાંકથી આગળ...)**

જેમ કાનખજૂરો એક પાંદડા પરથી બીજા પાંદડા પર જતી વખતે પહેલાં પાંદડા પરથી છૂટો પડતા પહેલાં બીજા પાંદડા પર પગદંડો જમાવીને જ પહેલાં પાંદડાને છોડે છે તેમ જીવાત્મા પણ એક દેહ ત્યજે તે પહેલાં પુનર્જન્મમાં ગ્રહણ કરવાના દેહનું નક્કી કરી લે છે. મૃત્યુવેળાએ વ્યક્તિના મનમાં જે ઇચ્છાઓની વાસના અતૃપ્ત રહી ગઇ હોય તેઓને પરિપૂર્ણ કરવા જીવાત્મા પ્રયત્ન કરે છે. જો જીવાત્માને એમ થાય કે એણે પર્યાપ્ત દાન-પૂણ્ય નથી કર્યા તો તે નવા જન્મમાં તેની પૂર્તતા કરવા પ્રયાસ કરે છે. જેને પોતાના પાળેલાં કૂતરામાં બીલાડીમાં અથવા પોપટમાં રાગ હોય તો તે પુનર્જન્મમાં તેવો દેહ ધારણ કરે છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે હિન્દુઓ માને છે કે વ્યક્તિ પોતાના પુનર્જન્મનું જીવન અને દેહ કર્મોથી નક્કી કરી લે છે.

**● પુનર્જન્મ :** હિન્દુઓમાં ધર્મશાસ્ત્રોમાં જણાવેલા માપદંડો અનુસાર કોઇનું મૃત્યુ તેના માટે અંધકારમય ભવિષ્ય હોતું નથી. મૃત્યુને ખરેખર તો જીવાત્માના અનેક જીવનોની શ્રંખલામાં પરિવર્તનનો તબક્કો ગણવામાં આવે છે. જેમ કોઇ વ્યક્તિ સરસામાન સાથે નવા શહેરમાં અથવા દેશમાં વસવાટ કરવા જાય ત્યારે તે પોતાનું ગામ અથવા દેશ છોડે છે અને સાથે સાથે સગાઓ, પાડોશીઓ, મિત્રો, પરિચિતો, ઘરવખરી, ઘર, શેરીઓ, બજારો છોડીને નવા લોકો, સ્થળ અને વાતાવરણમાં રહેવા જાય તો, જે ફેરફાર અનુભવે, તે સમાન જ મૃત્યુ એક દેહ છોડીને નવા દેહમાં જીવન વ્યતિત કરવા જવાનો તબક્કો અને અનુભવ છે. નવું જીવન હયાત જીવન કરતાં સમુળગું વેગળું હોવા છતાં તેનાથી મુક્ત નથી. આને લીધે એક હિન્દુ મૃત્યુને પરદેશગમન સમાન અથવા રહેઠાણ ફેર સમાન અથવા અજાણ્યા પ્રદેશમાં પ્રવાસ સમાન ગણે છે અને નવા વાતાવરણમાં ઓતપ્રોત થવા પ્રયત્ન કરે તે જ પ્રમાણે નવા જીવનની જવાબદારીઓ સંભાળવા સજ્જ રહે તે સ્વાભાવિક છે. એક હિન્દુ અંતિમ વ્યાધિ અથવા લાંબી માંદગીના કારણે મૃત્યુનો સામનો કરતી વેળાએ વ્યથિત થવાનું કોઇ કારણ માનતો નથી હોતો કારણ કે તે નવા જીવનમાં વધુ સારું અને સ્વસ્થદેહવાળું જીવન પ્રાપ્ત કરશે તેવી આશા રાખી શકે છે અને પોતાના પ્રિયજનો અને સંપત્તિને છોડીને જતાં રહેવા અથવા તેનાથી વિખૂટા પડવાની ચિન્તામાં સરી જતો નથી અને તે ચિંતાથી મુક્ત રહી શકે છે. પ્રિયજન પણ, તેની મૃત્યુ પછી પોતાનું જીવન, બને તેટલી સારી રીતે, જીવવા પ્રયત્ન કરે છે અને કાળક્રમે દિવગંતને વિસરી જાય છે.

**● કર્મનો સિદ્ધાંત :** કર્મનો સિદ્ધાંત જણાવે છે કે દરેક કર્મની વિવિધલક્ષી પ્રતિક્રિયાઓ અથવા એમ કહો કે ફળ હોય છે અને દરેક પ્રતિક્રિયા તે પછીના કર્મનું કારણ બની જાય છે. આ કર્મ અને ફળની અવિરત શ્રંખલા સતત ચાલતી રહે છે. ખરેખર તો બ્રહ્માંડના ક્રિયાકલાપો, ક્રિયા-પ્રતિક્રિયાની અથવા કર્મ-ફળની અવિરત શ્રંખલા છે જેમાં દેહ, દિમાગ, બુદ્ધિ અને લાગણીઓનો પણ ફાળો છે અને તે બધાને બ્રહ્માંડ કાર્યરત રાખે છે. જે રીતે હિન્દુ શાસ્ત્રોમાં પુનર્જન્મનો સિદ્ધાંત નિશ્ચિત મૃત્યુના આઘાતને સહન કરવા અને અન્ટ કષ્ટોને ઝિલવા માર્ગદર્શન આપે છે અને સહન કરવા સામર્થ્ય આપે છે તે જ રીતે કર્મનો સિદ્ધાંત જેનો અર્થ છે 'વાવશો તેવું લણશો' તે પણ વ્યક્તિને કષ્ટ, દુખ અને કળતરા જે પોતાના પૂર્વનાં પાપ કર્મોનું ફળ છે, તે ફક્ત આ જન્મના જ નહીં, પણ પૂર્વજન્મોના પાપોના કારણે ઉત્પન્ન થતાં હોય છે તેને સહન કરવા શક્તિ પણ આપે છે. જયારે કોઇ ચેપી રોગ થયો હોય અથવા ગંભીર અકસ્માત થયો હોય કે મરણતોલ વ્યાધિથી પીડા થતી હોય ત્યારે તે કેવળ પોતાના હાલના જીવન દરમિયાન કરેલા બેજવાબદાર વર્તનના લીધે અથવા સાવચેતીના અભાવે જ નહીં પણ પૂર્વજન્મના પાપ કર્મોનું ફળ પણ હોઇ શકે તેમ સમજે છે.

**● પરિસ્થિતિને નિયંત્રણ ન કરી શકાય પણ તેને ખમી શકાય :** કષ્ટ, દર્દ, હાની અને મૃત્યુ પણ અમુક કર્મોની પ્રતિક્રિયા સ્વરૂપે જ થાય છે અને આ બધાનું નિયંત્રણ કરી શકાતું નથી તેમ છતાં આ બધાંને ખમી શકવાની શક્તિ કેળવી શકાય છે. મહાભારતના પ્રસંગે અર્જુનને જયારે વિશાદ યોગ થયો હતો ત્યારે તેણે શ્રીકૃષ્ણને પૃછ્છા કરી હતી કે સંસારમાં આટલું બધું કષ્ટ કેમ હોય છે વળી તેના નિરાવરણ અથવા તીવ્રતા ઓછી કરવા માટે શું ઉપાય કરી શકાય?

શ્રીકૃષ્ણે ભગવદ્ગીતાના બીજા અધ્યાયના પંદરમાં શ્લોકમાં આનો સમાધાન કરતાં કહ્યું છે કે કષ્ટ વિગેરે બીજું કંઇ નથી પણ વ્યક્તિના અનુભવોનું જ્ઞાનેન્દ્રિયઓ દ્વારા કરેલું મૂલ્યાંકન છે જે તે વ્યક્તિ અમુક બાહ્ય પરિસ્થિતિઓનાં આગોતરા થયેલા અનુભવોના કારણે પ્રતીત કરે છે. જેમ કે જયારે આપણી આંગળી તપ્ત વાસણને અડકે ત્યારે આપણને દાઝવાનો અનુભવ થાય છે અને તેથી કષ્ટની પ્રતીતિ થાય છે. બાહ્ય પરિસ્થિતિઓ વિવિધ પ્રકારની પેદા થાય છે અને તેઓને આપણે નિયંત્રિત કરી શકતા નથી હોતા પણ આપણે આપણી લાગણીઓ પર કાબૂ રાખવા શક્તિ કેળવી શકીએ છીએ. આ શ્લોકના અંતિમ ભાગમાં શ્રીકૃષ્ણ દ્વારા સલાહ આપવામાં આવી છે કષ્ટના કારણોને નાબૂદ કરી શકાતા ન હોવાથી 'તિતિક્ષવા' એટલે કે કષ્ટને સહન કરવું. કષ્ટ સહન કરવું કઠિન નથી કારણ કે તે તો આપણા મગજ દ્વારા કરેલું પરિસ્થિતિઓનું મૂલ્યાંકન છે. જયારે શારીરિક ઇજા અથવા રોગિષ્ટ અંગેના કારણે કષ્ટ, દર્દની અનુભૂતિ થાય તે ફક્ત મગજને જ થાય છે અને તેથી શક્ય છે મન (મગજ) ને કેળવીને લાગણીઓ પણ નિયંત્રણ મેળવી કષ્ટ અને દર્દની અવગણના કરી શકાય છે અને તેમ કરી વ્યક્તિ પોતાનું ધ્યાન માનસિક, તાણ, ચિંતા, ભય અને સંશયથી મુક્ત રાખી શકે છે. માનવીના મગજની આ અપાર ક્ષમતાના લીધે તે પોતાના વાતાવરણના પ્રભાવથી મુક્ત રહી શકે છે, ખરેખર તો આ રીતે મન (મગજ) ને ભગવત ભજનમાં / ભક્તિમાં રમાવી તે દ્વારા કષ્ટ અને દર્દના અનુભવમાંથી મુક્ત કરી શકાય છે. આ બાબતમાં વ્યક્તિ પોતાના મન (મગજ)ને કઇ રીતે અને જેટલું કેળવે તે આધારે તે પોતાના દર્દ અને કષ્ટથી મુક્ત રાખી શકે છે. અંગ્રેજી ભાષાના જાણીતા સાહિત્યકાર વિલિયમ શેક્સપિયેર લખ્યું છે કે કંઇ પણ સારું કે નરસું હોતું નથી પણ આપણા મગજના વિચારો તેને તેવું સ્વરૂપ આપી દેતા હોય છે. હિન્દુ ધર્મશાસ્ત્રો પણ આ જ કહે છે કે કંઇ પણ દુખદાઇ કે સુખદાઇ હોતુ નથી પણ આપણા મગજના વિચારો તેને તેવું સ્વરૂપ આપી દેતા હોય છે.

**(ક્રમશઃ)**

# ઈન્ટરવ્યુ કમિટી સામે નિરાલી, મમ્મી-પપ્પા બેઠા છે, નમસ્તે, કહેવાનું શીખવેલું, નિરાલી તો એ ભૂલી જ ગઈ, ખુરશી એની ઊંચાઈથી પણ થોડી ઊંચી હતી, તે કૂદકો મારીને આરામથી બેસી ગઈ

## નટખલ નિરાલી
## (બાળ વાર્તાસંગ્રહ - લઘુ બાળનવલ)
## શાળામાં પ્રવેશ

**- પ્રજ્ઞા એ. પટેલ**

આ ઘટના પણ સરસ મજાની છે. મમ્મી પપ્પા હજુ પણ યાદ કરે છે. નિરાલી તો નાનપણથી નટખટ, નિતાંત નિરાળી.

નિરાલીબહેનને સ્કૂલમાં દાખલ થવાનું હતું. બાળમંદિરના બે વર્ષ તો હેમખેમ પાર કરી દીધેલાં. એમાં પણ ગમ્મતના ઘણા પ્રસંગો બનેલા. બહુ મોટી ને જાણીતી નહીં, પણ સારી, સારા વાતાવરણવાળી, શિક્ષણ સાથે સારું સંસ્કાર સિંચન કરતી શાળામાં એને મૂકવી એું ઘરનાં બદાંએ નક્કી કરેલું. આરાધના વિદ્યામંદિર પર પસંદગી ઉતારી હતી, એની ગણના આવી શાળામાં થતી. ત્યાં બાલમંદિર, નર્સરી, જુનિયર-સિનિયર કે.જી.ની પણ વ્યવસ્થા હતી.

પહેલા દિવસે હરખાતાં હરખાતાં નિરાલીબેન બાલમંદિરનું પગથિયું ચઢ્યા હતા. પેલો નાનકડો ભરત ભરેલો અનુ ફીઆએ આપેલો બગલથેલો તો સાથે જ ખરો જ. જાતજાતનું ઠાંસી ઠાંસીને થેલામાં ભરી દીધેલું. બે તો નાસ્તાના ડબ્બા, પાણીની વોટરબેગ, બે હાથરૂમાલ.... એક ફ્રોક પર મમ્મીએ પીન કરી આપેલો, બીજો થેલામાં. ઘરમાં પણ બધાં ખુશ ખુશ. અનુ ફીઆએ બહેનબાને કપાળે કુમકુમ તિલક કર્યું, ગોળ ખવડાવ્યો ને નિરાલીબહેને સ્કૂલ તરફ પ્રસ્થાન કર્યું હતું.

'પપ્પા તમે પણ સાથે આવો... અનુ ફીઆ તો સાથે જોઈએ જ...' મમ્મી, પપ્પા, અનુ ત્રણે સાથે. પપ્પા તો થોડીવારમાં હળવેથી સરકી ગયા હતા પણ મમ્મી, અનુનો એમ ઝટ છુટકારો થાય એમ નહોતું.

'ના, હું એકલી નહીં ભણું...'

'પણ બેટા, તારે તો રમવાનું છે...'

'તો એકલી નહીં રમું...'

'જો, જો તારાં જેવડા કેટલા બધાં બાળકો!!' નિરાલીએ આસપાસ જોયું તો કોઈ બાલકો નાસ્તો ડબ્બો ખાલી કરવા તમામ શક્તિથી લાગી ગયેલાં, કોઈ એકલાં એકલાં સૂનમૂન બેઠેલાં, વારેઘડીએ બારી - દરવાજાની બહાર ઊભેલા મમ્મીને જોયાં કરતાં હતા, કોઈ વળી બધું ભૂલીને આ રમકડાંથી પેલા રમકડાં પર મચી પડ્યા હતા... કોઈ વળી દફથર લંચ બોક્સ છાતીસરખા ચાંપીને સજ્જડ બેઠાં હતા... કોઈ વળી આજે જ રડતાં શીખ્યા હોય એમ મોટેમોટેથી ભેંકડો તાણીને રડતાં હતા... કોઈ વલી ધક્કામુક્કી-ઝઘડવામાં લાગી ગયેલા. એકાદ ટાબરિયું તો ટીચરની ખુરશીમાં સરસ રીતે ગોઠવાઈ ગયું હતું, બે હાથ ખુરશીના હાથા પર, પગ ઝૂલતા રાખીને.

આ બધી વિવિધ પ્રવૃત્તિઓમાં પોતે શું કરવું - નિરાલી સમજી કે નક્કી કરી શકતી નહોતી તે એણે મમ્મી - અનુ ફીઆને પસંદ કર્યા. 'તમે સાથે બેસો.'

બહુ સમજાવી. જો કોઈની મમ્મી રૂમમાં છે? નથી ને ? અમે બહાર જ બેઠાં છીએ...

ના એટલે ના, અહીં જ બેસો, મારી સાથે રમો... ટીચર પણ શું કરે? એમણે ય બહુ સમજાવી, જાતજાતની રીતે પટાવવાની મથામણ કરી... પણ આ તો નિરાલી... એક કલાક માંડ થયો હશે, ત્યાં....

ચાલો હવે ઘેર જઈએ... ટાઈમ થઈ ગયો... નિરાલી બોલી.

બેલ નથી વાગ્યો. ટીચર કહે ત્યારે જ ઘેર જવાય - મમ્મી.

પણ હું કહુ છું ને... બધું બધું પૂરું થઈ ગયું... બસ, હવે જઈએ.

બેટા, હજુ બધાં રમે છે ને! આપણાથી વહેલાં ન જવાય... અનુ.

એ રૂમમાં, એક ખૂણામાં બાળકોને રમવા નાનકડો પિત્તળનો ઘંટ રાખ્યો હતો, તે નિરાલીએ દોડતાં જઈ ટન.. ટન... ટન... ઘંટ વગાડી દીધો. ટીચર કંઈ કહે એ પહેલાં તો બધાં છોકરા બહાર. ટીચરે પહેલામાં પહેલું કામ એ ઘંટ ત્યાંથી ખસેડી લેવાનું કર્યું!

બાલમંદિરનો પહેલો દિવસ પૂરો. બધા ઘેર આવ્યા.

મારે બાલમંદિર નથી જવું. કાલે હું નહીં જાઉં... ઘેર પહોંચતાં જ નિરાલીએ પોતાનો નિર્ણય સંભળાવી દીધો.

પણ બેટા, એમ કેમ? બાલમંદિરમાં તો બહુ મજા આવે.

પણ મને નથી આવતી એનું શું?

કેટલા બધાં રમકડાં હતાં? કેટલી બધી ગેઈમ હતી? મજા આવે બેટા, સાચું કહું છું... મને તો બાલમંદિર બહુ ગમે... મમ્મીએ દીકરીને લાડથી સમજાવતાં કહ્યું.

તે મમ્મી, તું તારે જજે. હું ઘરે રહીશ.

પણ તને કેમ નથી જવું? ત્યાં કેમ નથી ગમતું? અનુએ પુછ્યું.

ત્યાં છે ને રૂમમાં એકેય ઝાડ નથી, ફૂલો નથી.. મને તો એની સાથે રમવું ગમે.. ત્યાં ન હોય ડોગી કે ન પીછાં...

સ્કૂલના ટીચર આચાર્યને મળીને, સમજાવીને બધી વાત કરી.

બાલમંદિરના બધા વર્ગોમાં ફૂલોના નાનકડા કુંડા મુકાવવા તેઓ તૈયાર થયા, કુંડા મુકાવી આપશે નિરાલીના પપ્પા, એ શરતે. પપ્પાએ થોડા ટેડી બેર ખરીદીને શાળાને ભેટમાં આપ્યા.

બીજે દિવસે નિરાલીબેન ખુશી ખુશી બાલમંદિર ગયા. સાથે મમ્મી અને અનુ ફીઆ તો ખરાં જ.

પૂરું એક અઠવાડિયું મમ્મી-અનુ સાથે રહ્યા. નિરાલી રમતમાં પરોવાઈ જાય એટલે બહાર જઈને બેસે. દોસ્તી કરવામાં નિરાલી કુશળ. એને માસુમ, જૂઈ, હિરવા, વેદાંત સાથે સારું ફાવવા લાગ્યું. અને આમ નિરાલી બાલમંદિરમાં રમતી ભણતી થઈ હતી.

બાલમંદિર પછી ધોરણ એકમાં પ્રવેશ મેળવવાની ઘડી આવી. એડમિશન માટે ઈન્ટરવ્યુનો જમાનો. બાળકનો તો ખરો જ, મમ્મી પપ્પાનો પણ ઈન્ટરવ્યુ. થોડાં વરસો પછી દાદા-દાદી, પુરા પરિવારે બાળકના શાળા પ્રવેશ માટે ઈન્ટરવ્યુ આપવા જવું પડે તો નવાઈ નહીં.

એડમીશન... ઈન્ટરવ્યુ... પ્રશ્નો... જવાબો નિરાલી માટે તો આ નવા નવા શબ્દો. ઘરમાં બે અઠવાડિયામાં પહેલાથી ધીમી ગતિની તૈયારીઓ ગોઠવવા માંડેલી. ઈન્ટરવ્યુ માટે નિરાલીને સહજ રીતે તથા સરસ રીતે તૈયાર કરવાની હતી.

પણ મારો ઈન્ટરવ્યુ શા માટે?

બેટા, એ સ્કૂલ સરસ છે ને? તને ત્યાં ભણવું છે ને? પપ્પા.

બધી વાત સાચી પણ ઈન્ટરવ્યુ... મારે નથી આપવો.

સારી સ્કૂલ તારાં જેવા સરસ ને હોંશિયાર બાળકોને જ એમાં ભણવા દે...

તો પછી હું બીજી સ્કૂલમાં ભણવા જઈશ.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**